જા.નં./૨૦૨૨/ - ૧૨૩૧૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન-૨
અઠવાલાઈન્સ, જિ-સુરત.
Web : www.suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૦૬ /૦૮/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
યાદી મુજબની શાળાઓ
સુરત, જિ.સુરત

**વિષય :- યુનિસેફ પ્રેરિત અને સમગ્ર શિક્ષા આયોજિત જીવન કૌશલ્ય કાર્યક્રમ અને તેની તાલીમ સંદર્ભે.**

આપ સૌ યુનિસેફને સારી રીતે જાણતા જ હશો. યુનિસેફ દ્વારા જીવન કૌશલ્ય બાબતે એક મૂલ્યાંકન થયેલું. તેના અહેવાલ પ્રમાણે જીવન કૌશલ્ય વિકાસનો એક કાર્યક્રમ નક્કી કરેલો છે. યુનિસેફ દ્વારા પ્રેરિત અને સમગ્ર શિક્ષા દ્વારા આયોજિત આ 'જીવન કૌશલ્ય વિકાસ' પ્રકલ્પનું પાયલોટ અમલીકરણ શહેર વિસ્તાર માટે સુરત શહેરમાં અને ગ્રામ્ય વિસ્તાર માટે બનાસકાંઠા જિલ્લામાં કરવાનું નક્કી કરેલ છે. આ અનુસંધાને સુરત શહેરની અંદાજિત 70 શાળાઓના 100 શિક્ષકો અને 5000 બાળકો સાથે આ કાર્યક્રમ કરવાનો થાય છે. પસંદ કરેલી શાળાની યાદી આ સાથે સામેલ છે. શાળાઓ અને શિક્ષક પસંદગીના માપદંડ

1. કોર્પોરેશનની શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક શાળાંમાંથી 1 શિક્ષક અને 50 બાળકો
2. કોર્પોરેશન સિવાયની શાળાઓમાંથી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાંથી 1 શિક્ષક અને 50 બાળકો અને તે જ શાળાના માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી 2 શિક્ષકો અને 100 બાળકો. આમ આવી શાળામાંથી કુલ 3 શિક્ષક અને 150 બાળકો થશે.
3. જુદાં જુદાં વિષયો ભણાવતા શિક્ષકો આવકાર્ય છે.
4. શક્ય હોય તો શિક્ષક ભાઈઓ અને બહેનો બંનેનું પ્રતિનિધિત્વ હોય તે જોવું.
5. આ એક પાયલોટ કાર્યક્રમ છે. માટે ઉત્સાહથી જોડાઈને ભાગ લે તે જરૂરી છે.
6. તાલીમ દરમિયાન જીવન કૌશલ્યનાં મુદ્દાને અભ્યાસક્રમ સાથે જોડાવાનો પ્રયત્ન થશે.

આ કાર્યક્રમમાં સૌ પ્રથમ દરેક શિક્ષકોને 3 દિવસની એક તાલીમ આપવામાં આવશે. જેમાં 10 કલાક ઓનલાઈન તાલીમ રહેશે તથા બાકીનો સમય ઓફલાઇન તાલીમ રહેશે. ત્યારબાદ દરેક શિક્ષકોએ પોતાની શાળામાં શિક્ષક દીઠ 50 બાળકોને આ તાલીમ આપવાની રહેશે. આ દરમિયાન શિક્ષકોની મદદ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના બી. એડ. ના બીજા વર્ષના તાલીમાર્થીઓ સાથે રહેશે. બાળકોએ આ તાલીમ ઓનલાઈન લેવાની રહેશે. જે માટે શાળાના કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનો રહેશે. જે શાળામાં પૂરતા કમ્પ્યુટર નહીં હોય તેમણે જે તાલીમાર્થીઓ શાળાના સહયોગમાં જોડાય તેના અને શિક્ષકના મોબાઈલ દ્વારા તાલીમ લેવાની રહેશે. જે તાલીમનો સમયગાળો 2 કલાકનો રહેશે. આ સમય એક સાથે જ આપે તે જરૂરી નથી. શિક્ષકો અને તાલીમાર્થી પોતાના આયોજનમાં સમય વિભાજન નક્કી કરી શકશે. આ સમગ્ર આયોજન 3 દિવસીય તાલીમમાં કરવામાં આવશે. આ કાર્યક્રમની પ્રતિભાવ બેઠક તા. 20-9-22 ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે રહેશે.

| ક્રમ | કાર્યક્રમ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| 1 | ત્રણ દિવસીય શિક્ષક તાલીમ | 22-23-24 ઑગસ્ટ, 2022 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભેસ્તાન, સુરત |
| 2 | બાળકોની તાલીમ | 29-8-22 થી 10-9-22 વચ્ચે શિક્ષક અને તાલીમાર્થી સાથે રહીને ગોઠવશે. | જે તે શાળા |
| 3 | પ્રતિભાવ બેઠક | 20-9-22 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભેસ્તાન, સુરત |

આ કાર્યક્રમ માટે દરેક તાલીમાર્થી (શિક્ષકો અને વિદ્યાર્થીઓ)નું યુનિસેફના સંસ્થાગત પોર્ટલ UNiLearn પર રજીસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. જે માટે એકાદ અઠવાડિયાનો સમય જરૂરી છે. આ સાથે આપેલ ફોર્મમાં શિક્ષક અને બાળકની જરૂરી

6694

૧૧-૨

વિગત ભરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પર આગામી 10-8-22 સુધીમાં આ માહિતી મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. આ માહિતી (1) dietsurat@gmail.com (2) pandya.parthesh@gmail.com પર મોકલવી. જે શિક્ષકનું નામ જણાવશો તેમણે ત્રણ દિવસીય તાલીમમાં હજાર રહેવા આથી સૂચિત કરવામાં આવે છે. તેમનું મુસાફરી ભથ્થું ત્યાંથી ચૂકવવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ આઈટુવી ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત થઈ રહ્યો છે. જરૂર જણાય તો તે સંસ્થાના પ્રતિનિધિનો સંપર્ક કરી શકશો. તેઓ કે બી. એડ. ના તાલીમાર્થીઓ આ કાર્યક્રમના અમલીકરણ માટે આપની સંસ્થાની મુલાકાત લે કે ફોનથી સંપર્ક કરે ત્યારે આપના સહયોગની અપેક્ષા છે.

સંસ્થાના પ્રતિનિધિનું નામ અને સંપર્ક:

1. અરબાઝભાઈ વેપારી 99046 00386
2. પાર્થેશભાઈ પંડયા 98254 12841

વિમલભાઈ દેસાઇ,
શાસનાધિકારી,
સુરત મહાનગરપાલિકા,સુરત

ડૉ. ડી. આર. દરજી
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો,સુરત

યોગેશભાઈ પટેલ,
પ્રચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત.

| Sr.No. | School Name | Teachers from Upper primary Section | Teachers from High school section |
|---|---|---|---|
| 1 | G. & G.V. Kandivala High School, Surat | 1 | 2 |
| 2 | T. & TV High School, Nanpara, Surat | 1 | 2 |
| 3 | Lourds Convent High School, Athva, Surat. | 1 | 2 |
| 4 | Sir V.D.T. Girl's High School, Athvalines, Surat | 1 | 2 |
| 5 | M. M. P. High School, Rander, Surat. | 1 | 2 |
| 6 | Lok Many Vidyalay, Rander, Surat | 1 | 2 |
| 7 | I. N. Tekrawala High Schhool, Adajan, Surat | 1 | 2 |
| 8 | Gurukul Vidyapith, V. T. Choksi Kanya Vidyalaya, Surat | 1 | 2 |
| 9 | Pipardiwala English Medium High School, Rander, Surat | 1 | 2 |
| 10 | R. S. M Punavala Experimental School, Ambika Niketan, Surat | 1 | 2 |
| 11 | C. C. Shah Sarvjanik High School, Ambika Niketan, Surat | 1 | 2 |
| 12 | Sanskar Bharti Vidyalay, Rander Road, Surat | 1 | 2 |
| 13 | Sarvajanik High School, Limbayat, Surat (Guj. Medium) | | 2 |
| 14 | I. G. Desai Vidya Sankul, Bhatar Char Rasta, Surat | 1 | 2 |
| 15 | Sadhna Vidya Bhavan Sanchalit Sec. & H.Sc. Girls School, Varachha, Surat | 1 | 2 |
| 16 | Sheth P. H. Baykanivala High School, Kharvarnagar, Surat | 1 | 2 |
| 17 | M. N. J. Patel Secondary School, Varachha, Surat | 1 | 2 |
| 18 | Surat Diamond Association Girls High School, Surat | 1 | 2 |
| 19 | Vidyabharti Hindi Vidyalay, Bhatar, Surat | 1 | 2 |
| 20 | Kasturba Vidya bhavan, Ved road, Surat | 1 | 2 |
| 21 | M T Zariwala school. Athawa gate, | 1 | 2 |
| 22 | Jivanbharti Vidyalaya, Nanpura | 1 | 2 |
| 23 | Maharshi Astik, Godadara | 1 | 2 |
| 24 | R N Nayak, Udhna Darwaja | 1 | 2 |
| 25 | Navnirman School Bharthana | 1 | 2 |
| 26 | L D High School Sachin | 1 | 2 |
| 27 | Akhand Anand Vidya Bhavan, Ved Road, Katargam Surat | 1 | 2 |
| 28 | I P Savani (P M Bhagat) High school, Gotawadi | 1 | 2 |
| 29 | Gurukul Kumar Vidyabhavan, Kansanagar, Katargam | 1 | 2 |
| 30 | St. Xaviers High school, Ghoddod road, Surat | 1 | 2 |
| 31 | Symga High school, Sigrampura, Surat | 1 | 2 |
| 32 | Nagar Prathamik Shikshan Samiti - 45 | 1 | 0 |
| 33 | Nagar Prathamik Shikshan Samiti - 121 | 1 | 0 |
| 34 | Nagar Prathamik Shikshan Samiti - 124 | 1 | 0 |
| 35 | Nagar Prathamik Shikshan Samiti - 208 | 1 | 0 |
| 36 | Nagar Prathamik Shikshan Samiti - 209 | 1 | 0 |
| 37 | Nagar Prathamik Shikshan Samiti - 235 | 1 | 0 |
| 38 | Nagar Prathamik Shikshan Samiti - 289 | 1 | 0 |
| 39 | Nagar Prathamik Shikshan Samiti - 290 | 1 | 0 |
| 40 | Nagar Prathamik Shikshan Samiti - 315 | 1 | 0 |
| | | 39 | 62 |

વિમલભાઈ દેસાઈ,
શાસનાધિકારી,
સુરત મહાનગરપાલિકા,સુરત

ડી. ડી. આર. દરજી
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો,સુરત

યોગેશભાઈ પટેલ,
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત.